IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# તાપી જિલ્લાની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ ૨ . ૦ માં ગુણવતાની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓનો વિવેચનાત્મક અભ્યાસ

સંશોધન છાત્ર
ગામીત કલ્પેશકુમાર કાંતીલાલ
શિક્ષણ વિદ્યાશાખા,
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ

પ્રસ્તાવના

ગુજરાત સરકારે પ્રાથમિક શાળામાં શાળા ની ગુણવતા સુધારવા નાં હેતુસર ૨૦૦૯ થી ગુજરાત રાજ્યમાં તમામ પ્રાથમિક શાળામાં ગુણોત્સવ કાર્યક્રમ શરુ કરેલ અને સને ૨૦૧૯ થી આજ કાર્યક્રમમાં સુધારા સાથે ગુણોત્સવ ૨ . ૦ કાર્યક્રમ ની શરુઆત કરી જેમાં શાળામાં શિક્ષણ વિભાગ દ્વારા નિમેલા સ્કુલ ઈન્સપેકટર દ્વારા શાળાનું મુલ્યાંકન કરવામાં આવે છે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ ફ્રેમવર્ક માં રહેલ ક્ષેત્રો ને આધારે મુલ્યાંકન કરવામાં આવે છે. જેમાં ચાર મુખ્ય ક્ષેત્રો છે. અધ્યયન અને અધ્યાપન, શાળા, સહ શૈક્ષણિક પ્રવૃતિઓ અને સંસાધનો અને તેનો ઉપયોગ છે આ ચાર ક્ષેત્રો નું મૂલ્યાંકન કરવામાં આવે છે.જેમા કુલ માપદંડો ૬૧ છે અને ૧૦૦ % ભારાંક હોય છે. જેમાં ચાર કલર કોડમાં ભારાંક મુજબ વહેંચવામાં આવે છે. ગ્રીન , યેલો , રેડ અને બ્લેક આમ ચાર કલર કોડ હોય છે. ગ્રીન કોડમાં શાળાનો સ્કોર 75% થી 100% માં પાંચ સ્ટાર થી એક સ્ટાર વચ્ચે A+ અને A ગ્રેડ આવે છે. જેને ઉચ્ચ સ્તરની શાળા કહેવામાં આવે છે. યેલો કોડમાં શાળામો સ્કોર 50% થી 75% વચ્ચે આવે તો તેને B ગ્રેડ આપવામાં આવે છે. જેને મધ્યમ સ્તરની શાળાઓ કહે છે. રેડ કોડમાં આવેલ શાળાઓનો સ્કોર 25% થી 50% સ્કોર હોય તેનો ગ્રેડ C અવે છે અને બ્લેક કોડમાં આવેલ શાળાઓનો સ્કોર 0% થી 25% આવે તેનો ગ્રેડ D આવે છે. આમ ગ્રેડ C અને ગ્રેડ D આવેલ શાળાઓ નિમ્ન સ્તરની શાળાઓ હોય છે. અહિ ગુણોત્સવ ૨ . ૦ માં ઉચ્ચ સ્તરની શાળાઓ એટલે જે શાળાઓ ગુણોત્સવ ૨ . ૦ માં A+ પાંચ સ્ટાર થી એક સ્ટાર નો ગ્રેડ મળેલ હોય અને A ગ્રેડ મળેલ હોય તેવી શાળાઓનો સમાવેશ થાય છે.

વ્યાખ્યા

- ગુણોત્સવ 2.0 - ગુણોત્સવ 2.0 એટલે ગુજરાત રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯ થી શરુ કરવામાં આવેલ શાળાનું અને બાળકોનું સર્વગ્રાહી મુલ્યાંકન. અધ્યયન અને અધ્યાપન, શાળા, સહ શૈક્ષણિક પ્રવૃતિઓ અને સંસાધનો અને તેનો ઉપયોગ છે આ ચાર ક્ષેત્રો નું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- ગુણવતા- ગુણવતા એટલે પ્રાથમિક શાળાઓ માં ભૈતિક અને શૈક્ષણિક રીતે શાળાઓ ની સ્થિતિ.
- ઉચ્ચ સ્તરની શાળા – ગુણોત્સવ 2.0 માં મુખ્ય ચાર ક્ષેત્રો અધ્યયન અને અધ્યાપન, શાળા, સહ શૈક્ષણિક પ્રવૃતિઓ અને સંસાધનો અને તેનો ઉપયોગ માં ગ્રીન કોડ માં પાંચ સ્ટારથી એક સ્ટાર વચ્ચે A+ અને A ગ્રેડ આવે છે. જેમાં 75% થી 100% સ્કોર આવે છે શાળાઓનો અને તે ઉચ્ચ સ્તરની શાળાઓ કહે છે.

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ

1. તાપી જિલ્લાની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ ૨ . ૦ માં ગુણવતાની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં શિક્ષકોનાં અભિપ્રાયો તપાસવા.
2. તાપી જિલ્લાની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ ૨ . ૦ માં ગુણવતાની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં આચાર્યોનાં અભિપ્રાયો તપાસવા.

પ્રસ્તુત સંશોધનનાં પ્રશ્નો

1. તાપી જિલ્લાની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ ૨ . ૦ માં ગુણવતાની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં શિક્ષકોનાં અભિપ્રાયો શા હશે?
2. તાપી જિલ્લાની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ ૨ . ૦ માં ગુણવતાની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં આચાર્યોનાં અભિપ્રાયો શા હશે?

પ્રસ્તુત સંશોધનનું સીમાંકન

1. પ્રસ્તુત સંશોધનમાં તાપી જિલ્લા ના ડોલવણ તાલુકાની ગુણોત્સવ ૨ . ૦ માં ઉચ્ચ સ્તરમાં આવેલ પ્રાથમિક શાળા પૂરતું મર્યાદિત રહ્યુ હતું.
2. પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૧ થી ૮ બન્ને શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
3. જિલ્લા પંચાયત સંચાલીત સરકારી પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
4. ગુણોત્સવ ૨ . ૦ માં A+ અને A ગ્રેડ મેળવેલ પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
5. પસ્તુત સંશોધનમાં સ્વરચિત અભિપ્રાયવલિનો સમાવેશ કરવામાં આવેલ હતો.

વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનનો વિષય ગુણોત્સવ ૨..૦ માં ગુણવતાની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓનો વિવેચનાત્મક અભ્યાસ હોવાથી દક્ષિણ ગુજરાત ના તાપી જિલ્લા પંચાયત હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓ પ્રસ્તુત સંશોધનનો વ્યાપ વિશ્વ બન્યો હતો.

વ્યપવિશ્વનો પ્રતિનિધિત્વ ધરાવતો ભાગ એટલે નમૂનો તાપી જિલ્લા નાં સાત તાલુકા પૈકી યાદૃચ્છિક નમુના પસંદગી થી ડોલવણ તાલુકાની ઉચ્ચ સ્તરની શાળાઓ નમૂના તરીકે ૫૦ શિક્ષકો અને ૧૦ આચાર્ય ની પસંદગી કરવામાં આવેલ હતી.

સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ

પસ્તુત સંશોધનમાં સ્વરચિત અભિપ્રાયવલિ થી અભ્યાસ કરવામાં આવેલ હતો.

માહીતી એકત્રીકરણ

તાપી જિલ્લાની ડોલવણ તાલુકાની વર્ષ ૨૦૨૧ માં મળેલ ગુણોત્સવ ૨ . ૦ નાં પરિણામ માં મળેલ ૧૦ ઉચ્ચ સ્તરની પ્રાથમિક શાળાઓમાં રુબરુ મુલાકાત લઈને શિક્ષકો , આચાર્યો પાસે થી અભિપ્રાયવલિ ભરવા જણાવવામાં આવ્યું હતું.

માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાઓમાં રુબરુ મુલાકાત લઈને શિક્ષકો , આચાર્યો , પાસે થી અભિપ્રાયવલિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવેલ હતી અને મળેલ માહિતીની મદદથી આંકડાકીય પધ્ધતી દ્વારા ટકાવારી કાઢી તારણોની પસંદગી કરવામાં આવેલ હતી.

પ્રસ્તુત સંશોધનના તારણો

1. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં અધ્યયન અને અધ્યપનનું પ્રમાણ ઉચ્ચ પ્રમાણમાં જોવા મળ્યુ હતુ.
2. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં અધ્ય્યન માટે અસરકારક વાતાવરણ જોવા મળ્યુ હતુ.
3. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં શાળા અધ્યાપન તેમજ શાળા વ્યવસ્થાપન નું પ્રમાણ ઉચ્ચ જોવા મળ્યુ હતુ.
4. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં સહ શિક્ષણિક પ્રવૃતિઓનું પ્રમાણ ઓછુ જોવા મળ્યુ હતું.
5. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં સંશાધનો અને તેનો ઉપયોગ મધ્યમ પ્રમાણમાં થતો હોય એવુ જાણવા મળ્યુ હતુ.

સંશોધનના ફલિતાર્થો

૪. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં પ્રાથના સભા , યોગ , વ્યાવ્યામ તેમજ રમત ગમત જેવી પ્રવૃતિમાં વિધાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈયે તેમજ તેનું મહત્વ સમજાવવું જોઈયે. ખેલ મહાકુંભ રમોત્સવ જેવા કાર્યક્રમમાં વિધાર્થી ભાગ લે તે માટેની પ્રેરણા પુરી પાડવી જોઈયે.

૫. ગુણવતા ની દ્રષ્ટીએ ઉચ્ચ સ્તરની શાળાઓમાં સંશાધનો અને તેનો ઉપયોગ વધી સકે તે માટે ગ્રંથપલય, મધ્યાયન ભોજન યોજના માં સુધારો લાવવો જોઈયે. તેમજ શિક્ષક અને આચાર્યને સેવાકાલીન તાલીમમાં અવશ્ય પણે મોકલવા જોઈયે.જેથી સંશાધનનો ઉપયોગ તેવો જાતે કરી શકે. તેમજ વિદ્યાર્થીઓ પાસે કરાવી શકે.

ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન પરથી ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ચાલતો શાળા મુલ્યાંકન માટે ગુણોત્સવ ૨ . ૦ કાર્યક્રમ વધુ અસરકારક બનાવા મદદરુપ બનશે. ઉચ્ચ સ્તરની શાળાઓમાં જે શાળાનું પરિણામ નિમ્ન કક્ષાનું છે તેને ઉચ્ચ સ્તર સુધી પહોંચવા મદદરુપ બનેશે.

સંદર્ભ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

https://gcert.gujarat.gov.in/gcert/Portal/Document/1_2875_Jeevanshixan-Sept-Oct-2021.pdf

સતીશપ્રકાશ એસ. શુકલ (૨૦૧૯) **સંશોધન પરિચય અને પધ્દ્રતિશાસ્ત્ર,** રીશીથ પબ્લીકેશન અમદાવાદ

ડી.એ. ઉચટ (૨૦૧૨) **શિક્ષણ અને સામાજીક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્દ્રતિશાસ્ત્ર,** પારસ પ્રકાશન અમદાવાદ

ડૉ. આર.એસ. પટેલ **સંશોધન પધ્દ્રતિશાસ્ત્ર,** જય પબ્લીકેશન અમદાવાદ

યોગેશ કે. પટેલ (2020) દક્ષિણ ગુજરાતના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અમલી ગુણોત્સવ કાર્યક્રમનું મૂલ્યાંકન પીએચ.ડી મહાશોધ નિબંધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત http://hdl.handle.net/10603/351377